# ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.એ ૩૧મી ડિસેમ્બર ૨૦૨૨ના રોજ પૂર્ણ થતા Q3 અને 9M મહિનાના

## પરિણામોની જાહેરાત કરી, કંપનીની સ્ટેન્ડઅલોન આવક વૃદ્ધિ: ૧૬% , સ્ટેન્ડઅલોન આધાર પર ચોખ્ખો નફો વૃદ્ધિ: ૨૨.૯%, બીજું વચગાળાનું ડિવિડન્ડ જાહેર કર્યું. શેર દીઠ રૂ.૨.૫૦/- અને ફેસ વેલ્યુ પર ૧૨૫% ચૂકવણી

ગુરુગ્રામ, ભારત, ૩૦મી જાન્યુઆરી ૨૦૨૩: ભારતની અગ્રણી સંકલિત સપ્લાય ચેઈન અને લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રોવાઇડર ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.એ આજે ૩૧મી ડિસેમ્બર ૨૦૨૨ના રોજ પૂરા થતા ત્રીજા ક્વાર્ટર માટે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા. સ્ટેન્ડઅલોન પરફોર્મન્સ હાઈલાઈટ્સ: Q3 FY2023 vs Q3 FY2022 ઓપરેશન કામગીરીમાંથી આવક રૂ.૮૮૧ કરોડ,વાર્ષિક ધોરણે ૧૬% ની વૃદ્ધિ EBITDA ૧૩૮ કરોડ જે ગતવર્ષ FY2022 ઊ૩માં સરખામણીમાં રૂ.૧૧૪ કરોડ હતી. PAT રૂ. ૯૫ કરોડ નોંધાયો જે FY2022 ના ઊ૩ની તુલનામાં ૭૮ કરોડ હતો જે ૨૨.૯% વૃદ્ધિ દર્શાવે છે. પરફોર્મન્સ હાઈલાઈટ્સ: 9M FY2023 vs 9M FY2022 ઓપરેશન કામગીરીમાંથી આવક રૂ.૨૫૩૯ કરોડ, વાર્ષિક ધોરણે ૨૦.૫%ની વૃદ્ધિ EBITDA રૂ.૩૫૨ કરોડ જે 9M FY2022ની સરખામણીમાં રૂ. ૩૦૦ કરોડ હતો. PAT રૂ. ૨૨૯ કરોડ નોંધાયો જે 9M FY2022ની સરખામણીમાં રૂ. ૧૯૪ કરોડ હતો જે ૧૮% વૃદ્ધિ દર્શાવે છે. Annexure III , કોન્સોલિડેટ પરફોર્મન્સ હાઈલાઈટ્સ: 9M FY2023 vs 9M FY2022 ઓપરેશન કામગીરીમાંથી આવક રૂ.૨૮૦૨ કરોડ, વાર્ષિક ધોરણે ૧૮.૮% ની વૃદ્ધિ EBITDA રૂ.૩૬૮ કરોડ જે 9M FY2022ની સરખામણીમાં રૂ. ૩૨૦ કરોડ હતો. PAT રૂ. ૨૩૮ કરોડ નોઁધાયો જે 9M FY2022 માં રૂ.૨૦૬ કરોડ હતો જે ૧૫.૪% વૃદ્ધિ દર્શાવે છે. પરિણામો પર ટિપ્પણી કરતા, TCIના મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિનીત અગ્રવાલે જણાવ્યું હતું કે, " નાણાકીય વર્ષના ક્વાર્ટર ૩માં,કંપનીએ સ્થિર મેક્રો વાતાવરણ વચ્ચે સાતત્યપૂર્ણ પ્રદર્શન કર્યું છે. અમારા તમામ બિઝનેસ સેગમેન્ટ્સે અપેક્ષાઓ અનુસાર સંતોષકારક પરિણામો આપ્યા છે. જ્યારે અમે ફુગાવા અને ધિરાણને આક્રમક બનાવવાની આસપાસના ઉદ્યોગવ્યાપી પડકારો પર સંતુલિત દૃષ્ટિકોણ રાખીએ છીએ ત્યારે અમે સંકલિત મલ્ટી મોડલ લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ ઓર્ગેનાઈઝેશન બનાવવાના અમારા લક્ષ્યોને હાંસલ કરવા માટે વિશ્વાસ ધરાવીએ છીએ.ૐ પર, અમારી મૂલ્ય પ્રણાલી અને અમારા લોકો અમારા ગ્રાહકોનીસફળતાના મૂળમાં રહે છે.